
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




આ લો તમારો ઇ-મેમો... અમે નહીં ભરીએ... ખબર છે તમને ?.. ઘરમાં પણ આમને ચડ્ડી માંડ પહેરાવું છું અને તમે એમને બહાર હેલ્મેટ પહેરાવવાની વાત કરો છો...?

# માધ્યમિક વિભાગના નબળા વિદ્યાર્થીઓ માટે ઉપચારાત્મક શિક્ષણ ફરજિયાત

**શાળા પ્રવેશોત્સવને અનુલક્ષી માધ્યમિક વિભાગના ૨૦૦ આચાર્યોને તાલીમ અપાઈ : પ્રથમ બે દિવસ શાળા સફાઈ અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે**

ગાંધીનગર તા ૬

જિલ્લામાં આગામી તા ૮ થી ૧૦ જુન દરમિયાન પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવશે. જયારે આ પ્રવેશોત્સવની ઉજવણીને અનુલક્ષી જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા માધ્યમિક શાળાના ૨૦૦આચાર્યોને તાલીમ આપવામાં આવી હતી. જયારે આ વિદ્યાર્થીઓની માર્કશીટનુ મુલ્યાંકન કરી નબળા હોય તેવા કીસ્સામાં ફરજિયાત ઉપચારાત્મક શૈક્ષણિક કાર્ય હાથ ધરવા પણ સુચના આપવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લામાં આગામી તા ૮ થી ૧૦ જુન દરમિયાન પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવશે. આ અન્વયે જિલ્લામાં ૧૨૩૯૨ વિદ્યાર્થીઓનુ ધોરણ ૧ માં મુલ્યાંકન કરવામાંઆવશે. પ્રવેશોત્સવ માટે અધિકારીઓને ફરજ પણ સોંપવામાં આવી છે. માધ્યમિક વિભાગમાં પણ પ્રવેશોત્સવ અન્વયે જિલ્લાની ૨૦૦ શાળાના આચાર્યાને તાલીમ આપવામાં આવી છે. જિલ્લા શિક્ષણાધિકારીની અધ્યક્ષતામાં તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ દરમિયાન પ્રથમ દિવસે શાળાની સફાઇ, યોગ નિદર્શન તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવા માટેનુ આયોજન કરવામાંઆવ્યુ છે. શાળાના આચાર્યોને આસાપાસના ગામમાં ધોરણ ૯ માં પ્રવેશ માટે એકપણ વિદ્યાર્થી વંચિત ન રહે તે માટે પણ કાળજી રાખવા સુચના આપવામાં આવી છે. આ ઉપરાંત પ્રવેશોત્સવ દરમિયાન ઉપસ્થિત અધિકારીઓ વિદ્યાર્થીઓની ધોરણ ૮ ની માર્કશીટનુ મુલ્યાંકન પણ કરશે. જયારે વિદ્યાર્થી અભ્યાસમાં નબળો હોય તેવા કીસ્સામાં ઉપચારાત્મક શિક્ષણ કાર્ય ફરજિયાત પુરુ પાડવા પણ સુચના આપવામાં આવી છે. વધુમાં શાળામાં વરસાદી પાણીનો સંગ્રહ થાય તે માટેની વ્યવસ્થા ગોઠવવા માટે પણ લોકભાગીદારીથી કામ હાથ ધરવા માટે જણાંવાયુ છે. વધુમાં શાળામાં અભ્યાસ કરીને હાલ ઉચ્ચ હોદા પર હોય તેવા વિદ્યાર્થીઆનુ પણ સન્માન કરવામાં આવશે.

# સિનિયર સિટીઝન્સ સંચાલિત સે. ૩૦નું બાલ ક્રિડાંગણ આકર્ષણનું કેન્દ્ર બન્યુ

ચિલોડા, તા. ૩

ગાંધીનગરના છેવાડે આવેલ સેક્ટર-૩૦ કેટલીક ખુબીઓના કારણે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. આ નગરજનો માટે નવો રાહ ચિંધી રહ્યાં છે. જરૂરિયાતમંદોને સતત મદદરૂપ થવા તૈયાર આ સિનિયર સિટીઝન્સ પોતાની જીંદગીના ૨૧નું વાણિજય સંકુલ તથા શાકમાર્કેટ વેપારી પ્રવૃત્તિના કેન્દ્ર છે. સે. ૩૦ના છેવાડે મુક્તિધામ પણ આકર્ષણનું કેન્દ્ર બનેલ છે. તો સે. ૩૦ના સર્વોદયનગરમાં આવેલ સિનિયર સિટીઝન્સ મંડળ સંચાલિત બાલક્રિડાગણ વસાહતીઓ માટે હળવાફૂલ થવા






(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

સેક્ટરમાં કાર્યરત સિનિયર સિટીઝન મંડળ દ્વારા બાલ ક્રિડાંગણનું સુંદર સંચાલન કરવામાં આવી રહ્યું છે. તેમજ દરરોજ અહીંથી વરિષ્ઠ નાગરિકો દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓની મહેક પ્રસરાવવામાં આવી રહી છે.

દરરોજ સાંજે સેવાની ધુણી દખાવી બેસતા વડીલો શહેરના નિવૃત્તિના દિવસો આનંદ સાથે ઉપયોગી થવા માટે હંમેશા તત્પર રહે છે. સેક્ટર-૩૦ની ખુબી એ છે કે આ સેક્ટરે ગાંધીનગર શહેરને બબ્બે મેયર આપવા સાથે રાજકીય ક્ષેત્રે દબદબો જાળવી રાખ્યો છે. આ ઉપરાંત સેકટર નજીકનું અક્ષરધામ રાજયનું મહત્વનું યાત્રાધામ છે તો નજીકમાં જ સે. ચિલોડા તરફના પ્રવેશદ્વારે વિકસાવાયેલુ સર્કલ અતિ મહત્વનો ટ્રાફિક પોઈન્ટ બન્યું છે. આ સાથે સેકટરમાં તબીબો, ઈજનેરો, અધિકારીઓ, નિવૃત્ત પદાધિકારીઓ તથા શિક્ષણવિદો જેવા નાગરિકોનો વસવાટ પણ છે. અહીંનું ગુરૂદ્વારા અને સિંધુધામ મંદિર પણ ધાર્મિક આસ્થાનું કેન્દ્ર બન્યુ છે. માટે પસંદગીનું સ્થળ બન્યું છે. અહીં બાલ ક્રિડાગણ, પક્ષીઘર, બેસવા માટે બાંકડાઓની વ્યવસ્થા, વૃક્ષોનો ઉછેર અને તેના જતન માટે ટ્રી ગાર્ડની વ્યવસ્થા વગેરે માટે સિનિયર સિટીઝન્સનો મહત્વનો ફાળો રહ્યો છે. આ ઉમદા કાર્ય માટે સેકટરના વસાહતીઓ વડીલોના આભારી બન્યા છે.




વિશ્વ પર્યાવરણ દિવસ : સાયન્સ સિટી ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરાઈ હતી. ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી અને સાયન્સ સિટી તથા ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજીના સંયુક્ત ઉપક્રમે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે ક્લાઈમેટ ચેન્જ વિભાગના પ્રિન્સિપાલ સેક્રેટરી એસ. જે. હૈદર, ગુજરાત વિદ્યાપીઠના ઉપકુલપતિ ડૉ. અનામિક શાહ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું હતું.

# શહેર નજીકના નારદીપુર અને પલિયડ ગામમાં જવા માટે બસ સેવાના નામે મીંડુ

## ગ્રામ્ય વિસ્તારના રૂટની પણ બસ નસીબ ન થતા રોષ

ગાંધીનગર તા ૬

શહેરમાં એસ ટી બસ સેવા કથળી હોવાનો સુર ઉઠવા પામ્યો છે. શહેરી બસ સેવાનો રૂટ બદલાતા આમપણ મુસાફરોમાં આક્રોશ પ્રવર્તયો છે. ત્યારે શહેર નજીકના ગ્રામ્ય વિસ્તારમાં જવા માટે પણ આમ નાગરિકોને બસ સેવા મળતી ન હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. શહેર નજીકના નારદીપુર,પલિયડ સહીતના વિસ્તારમાં જવા માટે બસ ન મળતા આ માટે તાત્કાલિક આયોજન કરવા માટે પણ સિનિયર સિટીઝન્સ દ્વારા રજુઆત કરવામાં આવી છે.

એસ ટી તંત્ર દ્વારા છેલ્લા કેટલાક સમયથી ગાંધીનગર અમદાવાદ તરફ જતી બસ સેવાનો રૂટ વાયા રાણીપ કરી દેવાતા આમ નાગરિકો સહીત રોજબરોજ અપડાઉન કરતા મુસાફરોની હાલત કફોડી બની છે. નવા રૂટમાં બસો દોડાવાતા મુસાફરોએ સમય વેડફવાની સાથે પરેશાની વેઠવી પડતી હોવાનો પ્રબળ આક્રોશ પ્રવર્તયો છે. જુના રૂટ મુજબ જ બસા દોડાવા માટે આંદોલનની ચિમકી સાથે માંગ ઉઠવા પામી છે. ત્યારે ગાંધીનગર અમદાવાદ રૂટમાં દોડતી બસો રાણીપ સ્ટેન્ડ પર સ્ટોપ થતા મુસાફરો આગ બબુલા બન્યા છે. ત્યારે શહેર નજીકના ગ્રામ્ય વિસ્તારમાં પણ જવા માટે નાગરિકોને બસ સેવા ઉપલબ્ધ થતી ન હોવાનો રોષ પ્રવર્તયો છે.

આ અંગે સ્થાનિક રહીશ રમણલાલ પટેલે રજુઆતમાં જણાંવ્યા મુજબ ગાંધીનગરથી નારદીપુર,ડીંગુચા, પલિયડ સહીતના નજીકના ગામોમાં જવા માટે મુસાફરોને બસ મળતી નથી અગાઉ આ રૂટમાં જરૂરિયાત મુજબ યોગ્ય બસો દોડતી હતી. પરંતુ છેલ્લા ઘણાં સમયથી બસો ન મળતા નાગરિકોએ હાલાકી વેઠવાનો વારો આવ્યો છે.

## ખૂણે ખાંચરેથી...

● જિલ્લા પંચાયતના ના. જિલ્લા વિકાસ અધિકારી તરીકે શ્રી અજય પટેલે આજે તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળી લીધો છે.

● કલોલ તાલુકાના લિંબોદ્રા ગામે ગઈકાલે થયેલા ઝાડા-ઉલ્ટીના કેસો બાદ આજે વધુ ૪ લિકેજીસ મળી આવ્યા છે. તંત્રએ પંચાયતને નોટીસ ફટકારી છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતની બાંધકામ સમિતિના ત્રણ સભ્યો સામે કરાયેલ પક્ષાંતર ધારા ભંગની કાર્યવાહીના કેસમાં આજે વધુ એક મુદત પડી છે.

● ગાંધીનગરના સે. ૪-એમાં આજે સવારથી જ લાઈટો બંધ થઈ ગઈ હતી. જે બપોરે ૩.૩૦ પછી ચાલુ થતાં વસાહતીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા.

● ગાંધીનગર જિલ્લામાં આ વર્ષે ૮ જેટલા નવા કોલ્ડ સ્ટોરેજ ખાનગીક્ષેત્રમાં બનવાના સંકેતો મળ્યા છે.

● ગાંધીનગર સિવિલ સુપ્રિટેન્ડેન્ટે આજે જિલ્લા આરોગ્ય તંત્રના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી.

● જિલ્લા પંચાયતના મોટા ભાગના અધિકારીઓ વેકેશન માણવા રજા પર ગયા છે.

## સેક્ટર-૭-ડી નિવૃત્ત અધિકારી મંડળની દ્વિમાસિક સભા યોજાઈ

ગાંધીનગર, તા.૬

સેકટર-૭-ડી નિવૃત્ત અધિકારી મંડળ ગાંધીનગરની દ્વિમાસિક સભા યોજાઈ હતી. જેમાં પ્રાર્થના બાદ સદવાચન શ્રેણીમાં ઘડપણમાં પણ શ્રમ કરો વિશેના લેખનું સુવાચન સુમંતભાઈ શાહે કર્યું હતું. ત્યારબાદ સંસ્થાના સભ્ય કાંતિભાઈ મોદીના નિધન બદલ બે મિનિટનું મૌન પાળી શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી તેમજ મંડળના સભ્ય એ.આર. જાની અને પી.એન. દોશીને પુસ્તિકા ભેટ આપી જન્મદિન નિમિત્તે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

આ સભામાં સાંપ્રત બાબતો અને સમસ્યાઓની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. જેમાં સંસ્થાના પ્રમુખ જયંતભાઈ ભટ્ટે મહાનગરપાલિકાના મેયરને આવકારી રસ્તાઓની સાફસુફી અને કોમન પ્લોટની સ્વચ્છતા સહિતની બાબતો અંગે રજૂઆતને સંદર્ભે માળખુ વિકસાવી નગરમાં ૧૦૦ જેટલા કર્મચારીઓની નિમણુંક કરવાની અપેક્ષા વ્યકત કરી હતી. જેથી આ કામગીરી સત્વરે થઈ શકે તથા સભાના અંતે તેજસ્વી તારલાઓના સન્માન માટે બાકીના ગુણપત્રકો સત્વરે મોકલવા પણ જણાવાયુ હતું.

# સાક્ષરતા મિશન સાથે ભારત પરિભ્રમણ માટે નીકળેલા સાયકલ ગુરુ શહેરના આંગણે

ગાંધીનગર, તા.૬

છેલ્લા ૨૧ વર્ષથી નિરંતર ગરીબ બાળકોને ભણાવવાની ધુણી ધખાવીને ૨ લાખથી વધુ ગરીબ જરુરીયાતમંદ બાળકોને મફતમાં શિક્ષણ આપનાર લખનઉંના આદિત્ય કુમાર આજે ગાંધીનગરના મહેમાન બન્યા છે. આવો ભારતને સાક્ષર બનાવીએ તેવા સંકલ્પ સાથે ભારત પરિભ્રમણ માટે નીકળેલા યુવાન સાત રાજયો અને ૫૫.૦૦૦ કિલોમીટરની સાયકલ યાત્રા કરીને ગુજરાતમાં પ્રવેશ કર્યો છે. આ સાયકલ ગુરુ બે દિવસ ગાંધીનગરમાં રોકાણ કરેશે અને ગુજરાતના મુખ્યમંત્રીને મળવાની પણ ઈચ્છા આ સાયકલ ગુરુએ વ્યકત કરી છે.

ઉતરપ્રદેશના સલેનપુરના વતની અને લખનઉંમાં સ્થાઈ થયેલા ૪૫ વર્ષિય આદિત્ય કુમાર છેલ્લા ૨૧ વર્ષથી નિરક્ષર બાળકોને ભણતર પુરુ પાડવાનું ઉમદા કાર્ય કરે છે તેમના આ ભગીરથ કાર્યને લઈ તેઓ લખનઉંમાં સાયકલ ગુરુ તરીકે પ્રચલિત બન્યા છે. આદિત્ય દારુણ ગરીબીમાંથી પસાર થઈને બીએસસી સુધી અભ્યાસ કર્યો છે. ગરીબ બાળકો માટે શિક્ષણ કેટલું અઘરુ છે તે દર્દ અનુભવ્યું અને આજના યુગમાં સાક્ષરતા એક અતિ મહત્વનુ છે. ત્યારે ગરીબ બાળક ભણતરથી વંચિત ના રહી જાય તે માટે આદિત્યએ લખનઉંમાં શ્રમિક વિસ્તામાં નિશુલ્ક ભણતર આપવાનું કાર્ય શરુ કર્યુ. સાયકલ લઈને આવો ભારતને સાક્ષર બનાવીએ તેવા અભિગમ સાથે ફરતા યુવાનના કાર્યને નાગરીકોએ બિરદાવ્યું છે.બાળકોને મફતમાં શિક્ષણના અભિગમ માટે સાયકલ ગુરુ લગ્ન પણ કર્યા નથી. ત્યારબાદ સમગ્ર ભારતમાં સાક્ષરતાના મિશન સાથે ૧૨ જાન્યુઆરી ૨૦૧૫ના રોજ લખનઉંથી માત્ર રૂ.૫૦૦ લઈને નીકળેલા આદિત્ય આજે ગાંધીનગર ખાતે આવી પહોંચ્યા છે. સાત રાજયો અને ૫૫.૦૦૦ કિલોમીટર સાયકલ યાત્રા કરીને ગુજરાતમાં પ્રવેશેલા આદિત્યને ગુજરાત જોવાની વર્ષોની ઈચ્છા હતી.

સાયકલ ગુરુ એ રાજયના મુખ્યમંત્રીને પણ મળવાની ઈચ્છા વ્યકત કરી છે. બે દિવસ ગાંધીનગરમાં રહ્યા બાદ ગાંધી વિચારો મનમાં હોવાથી ગાંધી આશ્રમ જોવા માટે અમદાવાદ જશે. નાનપણથી ગુજરાત જોવાની ઈચ્છા પુરી થતા સાયકલ ગુરુ ખુશખુશાલ મુદ્રામાં જણાયા હતા. ૨૧ વર્ષમાં ૨ લાખથી વધુ બાળકોને ભણાવી ચુકયા છે તેમજ દર વર્ષે ૬૦૦૦ હજારથી પણ વધુ બાળકોને સાયકલ ગુરુ શિક્ષણ પુરુ પાડે છે. સાયકલ ગુરુના શિક્ષણથી બાળકો ડોકટર, એન્જીનિયર, જજ તેમજ સરકારી અધિકારીઓ પણ બન્યા છે. જયારે આવો ભારતને સાક્ષર બનાવીએ તે અભિગમ અંતર્ગત અત્યાર સુધીમાં સવા લાખ




લોકોએ ગરીબ બાળકોને પોતાના ખર્ચે શિક્ષણ આપવાનો સંકલ્પ લીધો છે. લખનઉં થી નીકળેવા સાયકલ ગુરુ હિમાચલ પ્રદેશ, ચંડીગઢ, જમ્મુ-કાશ્મીર, શ્રીનગર, પંજાબ, હરિયાણા, રાજસ્થાન થઈને ગુજરાતમાં આવેલા સાયકલ ગુરુ બાદમાં મહારાષ્ટ્ર જશે. આ સાયકલ ગુરુ ને ઉતર પ્રદેશના રાજય પાલ અને મુખ્યમંત્રી તેમજ ઉતરાખંડના મુખ્યમંત્રીએ સાયકલ ગુરુની સેવાને બિરદાવી પ્રમાણપત્ર આપી સન્માનિત કરી છે. રોજના ખર્ચ વિશે પુછતા સાયકલ ગુરુ એ જણાવ્યું હતું કે આજના સમયમાં પણ માણસાઈ મરી પરવારી નથી.જયાં જાઉ ત્યાં મદદ માટે લોકોનો હાથ લાંબો થઈ જાય છે.જેથી વિશેષ તકલીફનો સામનો કરવો પડતો નથી. ગુજરાતની પ્રજા માયાળું છે.

## શહેરમાં જાહેરનામાનો ભંગ કરનાર દુકાનમાલિક અને મકાનમાલિક વિરુદ્ધ ફરિયાદ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર એસ.ઓ.જી.ની ટીમે શહેરના સે-૩માં મકાન ભાડે આપી પોલીસને જાણ ન કરનાર મકાનમાલિક અને ઈન્ફોસીટીમાં ભોજનાલયમાં મજુરનું રજીસ્ટ્રેશન ન રાખનાર સંચાલક સામે જાહેરનામા ભંગની પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી જે અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ શહેરના સેકટર-૩-ડી પ્લોટ નં. ૧૫૫૮/૧માં મકાન માલિક ભરત ભગવાનભાઈ માંગેડુ રૂ.૭૦૦૦ના ભાડા પેટે ભાડુઆતને મકાન ભાડે આપ્યું હતું અને પોલીસ મથકમાં જાણ નહોતી કરી જયારે શહેરના ઈન્ફોસીટી સ્થિત સ્વાદ ભોજનાલયના સંચાલકે મજુરનું રજીસ્ટ્રેશન ન ધરાવતા બંને સ્થળે એસ.ઓ.જી.ની ટીમે તપાસ હાથ ધરી કલેકટરના જાહેરનામાનો ભંગ કરનાર બંને વિરુદ્ધ સે-૭ અને ઈન્ફોસીટી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી જેથી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# આજે પુષ્યનક્ષત્ર હોઈ સુવર્ણપ્રાશન કરાશે

ગાંધીનગર, તા. ૬

આયુર્વેદ શાસ્ત્રમાં બાળકોના સ્વાસ્થ્ય વધારવા માટે ઘણા ઉલ્લેખ છે. બાળકનો જન્મ થાય ત્યારથી શું કરવું, કે જેથી તે હંમેશા માટે નિરોગી બની રહે તેનું વર્ણન આયુર્વેદના ગ્રંથોમાં છે. બાળકના ઉત્તમ સ્વાસ્થ્ય તથા તંદુરસ્તી માટે આયુર્વેદમાં બ્રાહ્મી, શંખપુષ્પી જેવા દિવ્ય મેધાવર્ધક ઔષધો છે. જે બાળકને પુષ્ય નક્ષત્રમાં ચડાવવાના હોય છે. પુષ્ય નક્ષત્ર બધા નક્ષત્રમાં સૌથી બળવાન છે આ નક્ષત્રમાં કરેલ કોઈપણ કાર્યની અસર તેના પછીના પુષ્ય નક્ષત્ર સુધી રહે છે. આથી સુવર્ણપ્રાશન પુષ્યનક્ષત્રમાં કરવામાં આવે છે તેથી તે ઉત્તમ ફળદાયી સાબીત થાય છે.

સામાન્ય રીતે બાળકના શરીરમાં જ્યાં સુધી વૃદ્ધિની સૌથી વધારે પ્રક્રિયા ચાલતી હોય ત્યાં તેને સૌથી વધારે પોષણની જરૂર પડે છે. આ ગાળો એ સમગ્ર જીવનના પાયા સમાન છે. આથી જો પાંચ વર્ષ સુધી બાળકને દર પુષ્ય નક્ષત્રમાં સુવર્ણપ્રાશન કરવામાં આવે તો બાળકના બળ, બુદ્ધિ અને મેધામાં વધારો થાય છે. તથા શારીરિક અને માનસિક વિકાસ ઝડપી બને છે. બાળકની રોગ પ્રતિકારક શક્તિ વધે છે.

આ માટેની ફુડ એન્ડ ડ્રગ કંટ્રોલ એડમીનીસ્ટ્રેટર, ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત ઔષધ વિના મુલ્યે વસુધૈવ કુટુમ્બકમ સંસ્થાએ 'ડૉ. દવે સુવર્ણામૃત સીરપ' નામથી પુરૂ પાડેલ છે. આ સંસ્થાનો સંપર્ક કરવા નિયામકશ્રી, ભારતીય તબીબી અને હોમીયોપેથી પદ્ધતિની કચેરી, ગાંધીનગરે જણાવેલ હતુ અને તે મુજબ સંસ્થાએ આ માસની તા. ૮-૬-૨૦૧૬ના રોજ પુષ્ય નક્ષત્ર માટેનો જથ્થો પુરૂ પાડેલ છે જે જિલ્લાના દવાખાનાઓમાં સવારે ૮.૩૦થી ૧૨.૩૦ અને સાંજે ૪ થી ૬ સુધી બાળકોને સુવર્ણ પ્રાશનના ટીપા પીવડાવવામાંઆવશે.

# કોલવડામાં ૯મીએ પ્રાથમિક વિદ્યામંદિરના નવિન મકાનનું લોકાર્પણ

**કોમ્યુનિટી હોલનો પણ ઉદ્‌ઘાટન સમારોહ**

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર નજીક કોલવડા કેળવણી મંડળ સંચાલિત બાશ્રી ચંચળબા પ્રતાપસિંહજી ગોબરભા વાઘેલા પ્રાથમિક વિદ્યામંદિરના નવીન મકાન તથા શ્રીમતિ માણેકબા મફતલાલ પટેલ કોમ્યુનીટી હોલનો ઉદ્‌ઘાટન સમારોહ નવમી જુનના રોજ યોજવામાં આવેલ છે.

સંસ્થાના પ્રમુખ શ્રી છત્રસિંહજી વાઘેલા, મંત્રીશ્રી પ્રવિણભાઈ પટેલ, કે.કે. પટેલ વિદ્યાલયના આચાર્યા શ્રીમતિ ભાવનાબા વાઘેલા અને પ્રાથમિક વિદ્યામંદિરના આચાર્યા શ્રીમતિ નીરૂબેન શ્રીમાળીએ જણાવ્યું છે કે અદ્યતન સુવિધાસભર આ સંકુલના લોકાર્પણ પ્રસંગે જિલ્લાના શિક્ષણકારો, સામાજિક આગેવાનો તેમજ સમાજના શ્રેષ્ઠીઓ મોટી સંખ્યામાં હાજર રહેશે.

આ સમારોહનું અધ્યક્ષ સ્થાન શ્રી મનુભા વાઘેલા શોભાવશે. જ્યારે મુખ્ય મહેમાન તરીકે લક્ષ્મણભાઈ આઈ. પટેલ, વિશિષ્ટ મહેમાન તરીકે ધારાસભ્યશ્રી અશોક પટેલ ઉપસ્થિત રહેશે.

આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે શ્રી અંબુસિંહ ગોલ, શ્રીમતિ ગીતાબેન પટેલ, શ્રીમતિ સોનલબેન પટેલ, શ્રીમતિ સોનલબા જી. વાઘેલા તથા આમંત્રિત મહેમાનો તરીકે શ્રી એસ.એમ. બારડ, શ્રી એન.એમ. રાઠોડ, શ્રી વિષ્ણુભાઈ પટેલ, શ્રી રમેશભાઈ પટેલ અને શ્રી ગોવિંદજી ઠાકોર ઉપસ્થિત રહેનાર છે.

સંસ્થાના પ્રમુખશ્રી સી.બી. વાઘેલાએ જણાવ્યું હતુ કે મંડળ સંચાલિત આ શાળાઓમાં હાલ એક હજાર વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે પ્રાથમિક શાળાના નવીન મકાન માટે સંસ્થાના પૂર્વ આચાર્ય શ્રી અર્જુનસિંહજી વાઘેલા અને તેમના પરિવારે રૂ. ૨૧ લાખ ૧૧ હજાર ૧૧૧નું દાન આપેલ છે તે સંસ્થા માટે ગૌરવરૂપ બાબત છે. જયારે કોમ્યુનીટી હોલ માટે આલ્ફા એન્જીનીયરીંગ કોલેજના મેને. ટ્રસ્ટી શ્રી લક્ષ્મણભાઈ પટેલે રૂ. ૧૧ લાખનું માતબર દાન આપેલ છે.

પ્રાથમિક શાળાના નવીન સંકુલ સાથે ગામની શૈક્ષણિક સુવિધાઓ અદ્યતન બનવા પામી છે તેમજ કોમ્યુનીટી હોલને કારણે ગામમાં એક વધુ અદ્યતન સુવિધા ઉપલબ્ધ થવા પામી છે તેમ પણ શ્રી છત્રસિંહજી વાઘેલાએ જણાવ્યું હતું.